**ફોજદારી કેસ.નં.–          /૨૦૨૩**

**આંક–૦૧ લગત  હુકમ :**

(૧)   આજ રોજ  નામદાર ગુજરાત કાનૂની સેવા સત્તા મંડળ તથા નામદાર જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ તરફથી આપવામાં આવેલ સુચનો મુજબ આજ રોજ સ્પેશ્યલ સીટીંગનુ આયોજન કરવામાં આવેલ છે. અને સ્પેશ્યલ સીટીંગની કાર્યવાહીમાં કોર્ટમાં પેન્ડીંગ પેટી કેસીસ, ટ્રાફીકના કેસો, ડોરમેન ફાઈલો વિગેરેનો નિકાલ કરવા તથા સી.આર.પી.સી.ની જોગવાઈઓ મુજબ ડેડવુડ કેસોમાં યોગ્ય જણાય તે કિસ્સામાં સ્ટોપ પ્રોસીડીંગ કરી, તથા પ્લી બાર્ગેનીંગ અને સી.આર.પી.સી. કલમ–૩૨૧ મુજબ સરકાર તર્ફે કેસો પરત ખેંચવાના ઉદેશથી સ્પેશ્યલ સીટીંગનુ આયોજન કરવામાં આવેલ છે.

(૨)   હાલના કામે આરોપી સામે  ત.ક.અમલદાર ધ્વારા પ્રોહીબીશન એકટ હેઠળ ગુનાની ચાર્જશીટ દાખલ કરવામાં આવેલ છે.  તથા  આ કામે  રેકર્ડ ઉપરથી ફલીત થાય છે કે આ કામના આરોપી કોર્ટમાં હાજર રહેતા નથી તથા ફરિયાદપક્ષ તરફથી આરોપીને હાજર રખાવવા માટે કોઈ પ્રયત્નો કરેલા હોય, તેવુ જણાતુ નથી. કોર્ટ ધ્વારા આરોપીને હાજર રખાવવા માટે અવાર નવાર  પ્રોસેસ ઈશ્યુ કરવામાં આવેલ છે, તેમ છતાં આરોપી આ કામે કોર્ટમાં ઈન્સાફી કાર્યવાહી દરમિયાન હાજર રહેલ નથી. હાલનો કેસ ઘણો જુનો છે તેમજ હાલનો કેસ લાં બા સમયથી આરોપી ગેરહાજર હોવાના કારણે પેન્ડીંગ છે અને તેમાં કોઈ  આગળની કાર્યવાહી હાથ ધરી શકાયેલ નથી. એટલે ફરિયાદપક્ષ આરોપીને હાજર રખાવવા સંદતર નિષ્ફળ ગયેલ છે, તેવુ રેકર્ડ પરથી જણાય છે અને  આરોપીને હાજર રખાવવા માટે વધુ તકો આપવી તે ન્યાયોચિત જણાતી નથી.  આમ સદરહું કેસ આરોપી ન મળી આવવાના કારણોસર મૂકી શકાય નહી. આમ  સદરહું કેસ ફકત મૂકી રાખવાના હેતુથી કોઈપણ રીતે ન્યાયનો હેતુ સરી શકશે નહી. જે સંજોગોમાં ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ – ૨૫૮ ની જોગવાઈ ધ્યાને લેવી જરુરી જણાય છે. એવુ મારુ માનવું છે.

(૩)   વધુમાં નામદાર સુપ્રિમ કોર્ટે પી.રામચંદ્ર રાવ વિ. કર્ણાટક રાજયના ચૂકાદામાં ૨૦૦૨(૨), જી.એલ.આર. પાન નં. ૧૫૪૯ ઉપર પ્રસિધ્ધ થયેલ ચૂકાદામાં નામદાર સુપ્રિમ કોર્ટે જણાવેલ છે કે,  THE CRIMINAL COURT SHOULD EXERCISE THEIR AVAILABLE POWERS, SUCH AS THOSE UNDER SECTION 309, 258 OR THE C.R.P.C. TO EFFECTUATE THE RIGHT SPEEDY TRIAL જે સિધ્ધાંત ધ્યાને લીધો, તથા  નામદાર બોમ્બે હાઈકોર્ટે મુલચંદ મોતીલાલ રાકા વિ. સ્ટેટ ઓફ મહારાષ્ટ્રમાં ઠરાવેલ ચૂકાદાને ધ્યાને લઈએ તો  આરોપીઓને અદાલત સમક્ષ હાજર રખાવવા પોલીસને મર્યાદિત તકો આપવી જોઈએ, અને યોગ્ય કિસ્સામાં સી.આર.પી.સી.ની કલમ–૨૫૮ નો ઉપયોગ કરવો જોઈએ, તેવુ ઠરાવેલુ છે.

(૪)   આમ, હાલના કેસની રેકર્ડ ઉપરની પરિસ્થિતિ ધ્યાને લઈએ તો ફરિયાદપક્ષને પુરતી તકો આપવા છતાં ઈન્સાફી કાર્યવાહીમાં આરોપીને હાજર રખાવવામાં ફરિયાદપક્ષ નિષ્ફળ નિવડેલ છે, જેથી પોલીસને વધુ તક કે સમય આપવો તે ઉચિત અને કંઈ ફળદાયી જણાતુ નથી, જેથી  ન્યાયના હિતમાં અને કેસની હકીકતો તથા ઉપરોકત ચૂકાદાઓ અને સી.આર.પી.સી.ની જોગવાઈઓ ધ્યાને લઈ, નીચે મુજબનો  આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

**આ ખ રી  હુ ક મ**

- સી.આર.પી.સી. કલમ–૨૫૮ અન્વયે હાલના કેસમાં આરોપી સામેની કાર્યવાહી પડતી મુકી, કાર્યવાહી બંધ કરવા  ( સ્ટોપ પ્રોસીડીગ્સ) નો હુકમ કરવામાં આવે છે.
- વધુમાં આરોપી ભવિષ્યમાં મળી આવે ત્યારે તેઓ સામેની ન્યાયીક કાર્યવાહી હાથ ધરવા ફરિયાદપક્ષને સી.આર.પી.સી. કલમ–૩૦૦(૫) હેઠળ પરવાનગી આપવામાં આવે છે.

સદર હુકમ આજ રોજ તા.૦૯મી, સપ્ટેમ્બર સને ૨૦૨૩ ના રોજ સ્પે. સીટીંગમાં જાહેર કર્યો.

તા. ૦૯–૦૯–૨૦૨૩.                                        ( કે.આર.ગાગનાણી)
સુરત.                                        ૧૨માં જયુડી. મેજી.ફ.ક., સુરત.
**GJ01687**